## સરગાસણ પાસે મોડી સાંજે એક્સેસમાં જતી

# યુવતી પર આઈશરનું ટાયર ફરી વળ્યું...!

### વાહનદલાલ આરોપી ધંધુકાથી આઈશર ખરીદીને ગોઝારીયા તરફ જઈ રહ્યો હતો : પીએચડી કરતી યુવતીનું સ્થળ પર મૃત્યુ જયારે એકસેસ ચલાવતો યુવાન ઈજાગ્રસ્ત : આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૯

ગોઝારીયાનો એક વાહન દલાલ ધંધુકાથી સેકન્ડ હેન્ડ આઈશર ખરીદીને ગઈ મોડી સાંજે દસેક વાગ્યાના અરસામાં ગોઝારીયા તરફ બેફામ ગતિએ જઈ રહ્યો હતો ત્યારે સરગાસણ સર્કલ પાસે એક એકસેસને અડફેટે લઈ લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. એકસેસમાં સવાર એક યુવતી પર ટાયર ફરી વળતાં ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નીપજયું હતું. જયારે એકસેસ ચાલક યુવાનને ગંભીર હાલતમાં હોસ્પિટલાઈઝ્ડ કરવામાં આવ્યો હતો. સે-૭ પોલીસે આઈશર ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી લઈ તપાસ શરુ કરી છે.

અમદાવાદ બોપલ વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય ફોરમ પ્રવિણચંદ્ર શુકલએ નેનો ટેકનોલોજીમાં અભ્યાસ કર્યા બાદ પીએચડી માટે થીસીસની તૈયારીઓ કરી રહી હતી. ગઈ કાલે મોડી સાંજે દશેક વાગ્યાના સુમારે ફોરમ અને આણંદનો રહેવાસી તથા ટીસીએસમાં નોકરી કરતો યુવાન પટેલ પરીમલ એકસેસ લઈને ગાંધીનગરથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતાં. ખ માર્ગ પર સરગાસણ ચોકડી પાસે પહોંચ્યા ત્યારે તેમની એકસેસને ધસમસતી આવેલી આઈશરે જબરદસ્ત ટકકર મારી હતી. એકસેસ ચલાવતા યુવક પરીમલની બેગનું નાકુ આઈશરની સાઈડની કડી પર ફસાઈ ગયું અને ૧૫ ફુટ જેવા એકસેસ સાથે બંને ઢસડાયા હતા. પાછળ બેસેલી ફોરમ મીની ટ્રક નીચે આવી જતા તેની ખોપડી પરથી ટાયર ફરી વળ્યું હતું અને છુંદાઈ ગઈ હતી ફોરમનું ઘટના સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતું. જયારે પરીમલને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે આણંદ લઈ જવાયો હતો. પરીમલને ડાબા પગે ફ્રેકચર છે. સેકટર-૭ પોલીસે મૃતક ફોરમના પિતરાઈ મૌલિક શુકલની ફરિયાદને આધારે આઈશર ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લીધી છે. ગોઝારીયાનો આઈશર ચાલક પટેલ ઈશ્વર નટવરભાઈ વાહન લે વેચનો ધંધો કરે છે અને ધંધુકાથી આ આઈશર ખરીદીને ગોઝારીયા તેના ઘર તરફ બેફામ ગતિએ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં સરગાસણ સર્કલે આ ઘટના બનવા પામી હતી.

#### આરોપી ડ્રાઈવરને લોકોએ મેથીપાક ચખાડી પોલીસને સોંપ્યો

બેફામ ગતિએ નિકળેલા ડ્રાઈવરને અકસ્માત કરતા નજરે જોનાર લોકોએ ઉભો રખાવી દીધો હતો. રાત્રે ચાલવા નીકળેલા સહેલાણીઓ પસાર થતા વાહનચાલકો અને નજરે જોનાર લોકોએ આરોપી ડ્રાઈવરને આઈશરમાંથી ઉતારીને ખુબ મેથીપાક ચખાડયા બાદ રોષ ઠાલવીને આખરે સેકટર-૭ પોલીસને સોંપ્યો હતો.

## ...રીનોવેશન બાદ એટલી હાલાકી વેઠી રહ્યો છું જેની કોઈ સિમા નથી !!!

### સેક્ટર-૧૭ ફાયરબ્રિગેડ સ્ટાફ ક્વાટર્સમાં રીનોવેશન બાદ એક વર્ષથી પાણી ટપકે છે : ખુદ કામ કરનાર ફોલ્ટ શોધી શકતા નથી

ગાંધીનગર, તા. ૨૯

સરકારી કર્મચારીઓ માટે ક્વાટર્સ બનાવવામાં આવ્યા છે. મોટા ભાગના ક્વાટર્સનું આયુષ્ય પુર્ણ થઈ જતાં રીનોવેશન કરવામાં આવે છે. પરંતુ કોન્ટ્રાક્ટર અને તંત્રની મિલિભગતથી ક્વાટર્સમાં રહેતા કર્મચારીઓને હાલાકી વેઠવી પડે છે. એક વર્ષ અગાઉ ફાયરબ્રિગેડ સ્ટાફ ક્વાટર્સનું રીનોવેશન કરવામાં આવ્યું



હતું. પરંતુ ફક્ત વાઘા બદલેલા મકાનોમાં રહેતા કર્મચારીઓના પરિવાર માથે મોત ભમી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર સેક્ટર-૧૭ સ્થિત ફાયરબ્રિગેડ સ્ટાફ ક્વાટર્સમાં કર્મચારીઓને રહેવા માટે બી, સી. અને ડી ટાઈપના ક્વાટર્સ બનાવવામાં આવ્યા છે. સરકારી મકાનોનું એક વર્ષ પહેલા રીનોવેશન કરવામાં આવ્યું હતું. પરંતુ એક વર્ષમાં જ મકાનો ખખડધજ બની જવા પામ્યા છે. ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલ કામની વિશ્વસનિયતા પર સવાલ ઉભો થાય છે.

ફાયરબ્રિગેડ સ્ટાફ ક્વાટર્સ બ્લોક નંબર ૨૬૮/૧, સી-ટાઈપમાં ચિનુભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. પરંતુ તેમના પરિવારના માથે મોત ભમી રહ્યું હોય તેવુ લાગી રહ્યું છે. મકાનની છત ઉપરથી અનેક વખત પોપડા ખર્યા છે અને કુદરતની મહેરબાનીથી કોઈ જાનહાનિ થઈ નથી ત્યારે વર્ષ અગાઉ રીનોવેશન કરેલા મકાનોની આવી હાલત સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે.

ચિનુભાઈ દ્વારા અનેક વખત મકાનને લઈને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. છતાં પણ તેમની સમસ્યાનું સમાધાન તંત્ર કરી શકતુ નથી. કોન્ટ્રાક્ટર દ્વારા હલકી પ્રકારની સ્ટાઈલ નાખવાના કારણે છતમાંથી સતત પાણી ટપક્યા કરે છે. દોઢ મહિનાથી રસોડામાં, બેઠક રૂમમાં અને બેડરૂમમાં પાણી ટપકવાથી ઘર જેવું લાગતુ જ નથી.

રસોઈ બનાવતી વખતે ટપકતુ પાણી સીધે સીધુ રસોઈમાં પડે છે, પ્લાસ્ટર કામ સિવાય ઈલેક્ટ્રીક



કામમાં પણ મોટા ગોટાળા કર્યા હોય તેમ ઈલેક્ટ્રીક માલ સામાન સાવ હલકી ગુણવત્તાનો વાપર્યો છે. પંખો ફરે છે, પરંતુ હવા આપતો નથી. એમ.સી.બી ચાલુ કરતા જ સ્પાર્ક થાય છે.

ફાયર કર્મચારી ચિનુભાઈએ જણાવ્યું હતું કે સરકારી તંત્ર દ્વારા મકાનોને નવા વાઘા પહેરાવ્યા બાદ હુ એટલી તકલીફો વેઠી રહ્યો છું કે જેની કોઈ સીમા નથી. બાળકોનો અભ્યાસ બગડે છે, જમવા માટેની રસોઈ બગડે છે, હવે તો આ સમસ્યાનું સમાધાન ભગવાન જ કરાવી શકે છે.

હંમેશા જીવના જોખમે ફરજ બજાવતા કર્મચારીઓ પ્રત્યે તંત્ર કુણુ વલણ દાખવી સમસ્યાઓનું સમાધાન કરી આપે તેવું કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે. નહિ તો હોતી હૈ ચલતી હૈ સમજી આંખ આડા કાન કરવામાં આવશે તો પાડાના વાકે પખાલીને ડામ જેવી પરિસ્થિતિ નિર્માણ પામશે.

#### અગાઉ અનેક વખત છત તુટી પડવાના બનાવો બન્યા છે

અગાઉ અનેક વખત સરકારી મકાનની છત તુટી પડવાની ઘટનાઓ બનવા પામી છે. જેમાં મકાનમાં રહેતા કર્મચારીના પરીવારને ગંભીર ઈજાઓ પણ થવા પામી હતી. છતાં પણ તંત્ર રીનોવેશનનું કામ ગંભીરતાથી કરાવતુ નથી. કોન્ટ્રાક્ટરો વધુ નફો મેળવવાની લ્હાયમાં લોકોની જીંદગી સાથે ચેડા કરતા હોય તેવું લાગે છે.

## પ્રાંતિયા પાસે એકટીવા-કન્ટેનર વચ્ચે અકસ્માતમાં એકનું મૃત્યુ

### પ્રાંતિયામાંથી એક દંપતિ એકટીવા લઈને નીકળ્યું ને હાઈવે પર જતી કન્ટેનરે અડફેટે લઈ લીધા : એકટીવાને બચાવવા જતાં કન્ટેનર પણ પલ્ટી મારી ગયું : પત્નિ ગંભીર : એક કલાક સુધી ટ્રાફીક જામ રહ્યો

ગાંધીનગર, તા. ૨૯

પ્રાંતિયા ગામમાં રહેતું દંપતિ મળીને ડબલ સવારી એકટીવા લઈને જોગણી માતાજીના મંદિરે દર્શન કરવા જઈ રહ્યું હતું. ત્યારે હાઈવે પર ચઢતા જ બેફામ ગતિએ આવતી કન્ટેનરે એકટીવાને અડફેટે લઈ લીધું હતું. એકટીવા ચાલક વૃધ્ધનું આ અકસ્માતમાં મૃત્યુ નિપજયું છે જયારે તેની પત્નિની હાલત ગંભીર છે. એકટીવા બચાવવા ગયેલું કન્ટેનર પણ પલ્ટી મારી ગયું હતું. ડભોડા પોલીસ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે. તો બીજી તરફ આ અકસ્માતને પગલે એક કલાક સુધી હાઈવે પર ટ્રાફીક જામના દૃશ્યો સર્જાયા હતાં.

મળતી વિગતો અનુસાર પ્રાંતિયા ગામમાં રહેતા બેચરભાઈ જોઈતાભાઈ વાળંદ એસબીઆઈ સિકયુરીટી ગાર્ડ તરીકે સેવા આપતા હતા અને તાજેતરમાં નિવૃત્ત થયા હતાં. આજે સાંજે તેઓ તેમની પત્નિ મંજુલાબેનને એકટીવા પર બેસાડીને જોગણી મંદિરે દર્શન કરવા લઈ જઈ રહ્યા હતા. એકટીવા લઈને હાઈવે ચઢવા ગયા ત્યાં જ ચિલોડાથી અમદાવાદ તરફ જઈ રહેલું હરીયાણા પાસીંગનું ફણસી ભરેલુ કન્ટેનર એકટીવા સાથે અથડાતા એકટીવા ફંગોળાઈ ગયું હતુ અને તેમાં સવાર બેચરભાઈનું ઘટના સ્થળે જ ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ નિપજયું હતું જયારે પત્નિ મંજુલાબેનને ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી હાઈટેક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. એકટીવા હાઈવે પર અચાનક આવી ચઢતા તેને બચાવવા કન્ટેનર ચાલકે પ્રયત્ન કર્યો જેને કારણે કન્ટેનર પણ પલ્ટી મારી ગયો હતો. આ અસ્માતને પગલે હાઈવે બ્લોક થઈ જતા એક કલાક સુધી ચક્કાજામ રહ્યો હતો. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ગુનો નોંધી ટ્રાફીક હળવો કરાવી કાર્યવાહી શરુ કરી છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

## વર્લ્ડકપ ક્રિકેટ મેચમાં સટ્ટો રમતા ચાર સટ્ટોડીયા ઝડપાયા

### કલોલ શહેરના વખારીયા ચોકડી પાસે પાન પાર્લરમાં સટ્ટો રમાતો હતો : રૂ. ૨.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૯

વર્લ્ડકપ ફાઈનલ ક્રિકેટ મેચ પર કલોલના વખારીયા ચાર રસ્તા પાસે એક પાન પાર્લરમાં સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે કલોલ સીટી પોલીસે દરોડો પાડી ચાર સટ્ટોડીયાઓને રૂ. ૨.૦૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ચારેયની ધરપકડ કરી લીધી છે. કલોલ સીટી પોલીસે ચારેયની સામે કાયદેસરની કાર્યવાહી કરીને વધુ તપાસ શરૂ કરી છે.

કલોલ શહેર પોલીસ મથકના પીએસઆઈ એ.એમ. પટેલ તથા તેમની ટીમ બાતમીને આધારે આજે બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં વખારીયા ચોકડી પાસે પહોંચી ગઈ હતી. બાતમી હતી કે વખારીયા ચોકડી પાસે સ્થિત શિવશક્તિ પાન પાર્લરમાં વર્લ્ડકપ ફાઈનલ ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડની ક્રિકેટ મેચ પર સટ્ટો રમાઈ રહ્યો છે. દરોડો પાડીને સટ્ટો રમતા ચાર શખ્સોને રંગેહાથ દબોચી લેવામાં આવ્યા હતા. કલોલની મીલ કામદાર સોસાયટીના દિપેશ સુરેશ શાહ, પ્રકાશકુંજ ફલેટના મયુર અવિનાશ પરીખ, કલોલ રેલવે પુર્વેની રામનગર સોસાયટીના લાલા રામજી રાઠોડ અને વખારીયાનગર વિભાગ-ઉના નિલેશ વિનય નાયક મળીને ચાર સટ્ટોડીયાઓની રૂ. ૫૮૬૦ રોકડા, ૬ નંગ મોબાઈલ, એક ટીવી અને બે બાઈક મળીને કુલ રૂ. ૨.૦૯ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૭માં હપ્તો ઉઘરાવવા બાબતે કલેકટરે તપાસનો આદેશ કર્યો

### પ્રાંત અધિકારી, ડીએસપીને રૂબરૂ બોલાવી ૧૫ દિવસમાં રિપોર્ટ રજુ કરવા જણાવ્યું

ગાંધીનગર, તા. ૨૯

સેકટર-૭ શાક માર્કેટમાં બની બેઠેલા પ્રમુખ દ્વારા એક મહિલા પાસે હપ્તા ઉઘરાવવાની ઘટના સામે આવી હતી. બની બેઠેલા પ્રમુખે મહિલાને જણાવ્યું હતું કે મારે હપ્તો કલેકટર ઓફિસ સુધી પહોંચાડવો પડે છે. આ બાબતની નોંધ લેતા કલેકટરે તપાસના આદેશ આપ્યા છે. ૧૫ દિવસમાં રિપોર્ટ આપવા જણાવ્યું છે.

ગાંધીનગર સે-૭ શાકમાર્કેટમાં પોતાની સાસુની તબિયત બગડતા દિકરાની વહુએ શાકભાજીની લારી સંભાળી પોતાનું પેટીયું રળવા માટે શરૂઆત કરી હતી.

નવી આવેલી મહિલાને જોતા શાક માર્કેટમાં બની બેઠેલા પ્રમુખ હપ્તો લેવા પહોંચ્યો હતો. અને મહિલાએ હપ્તાની ના પાડતા જણાવ્યું હતું કે તારે હપ્તો આપવો જ પડશે. મારે કલેકટર કચેરી સુધી વહિવટ કરવો પડે છે. આ ઘટનાની નોંધ કલેકટરે લેતા પ્રાંત અધિકારી અને ડીએસપીને આ ઘટનામાં શું છે તેની તપાસ કરી ૧૫ દિવસમાં રીપોર્ટ આપવા જણાવ્યું છે.

## સે-૧ ખાતે દસ દિવસીય નિ:શુલ્ક શિબિર

દિવ્ય જીવ સંઘ ગાંધીનગર અને શ્રી ગાયત્રી શકિતપીઠ દ્વારા દસ દિવસીય મફત ધ્યાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૧ સ્થિત ગાયીત્રી મંદિરે સવારે ૭ થી ૮.૧૫ કલાક દરમિયાન ધ્યાન યોગ શિબિર યોજાશે. શિબિરમાં શિબિરાર્થીઓને યોગાસન, પ્રાણાયામ તેમજ તણાવ નિયંત્રણ, સહિતનું પ્રશિક્ષણ પુરું પાડવામાં આવશે. શિબિરમાં મોટી સંખ્યામાં નગરજનોને ઉપસ્થિત રહેવા અને ભાગદોડ ભર્યા જીવનમાં હળવા ફુલ બની રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

## વૃધ્ધોને ખાદ્ય સામગ્રી આપી રામનવમીની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં રામ જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મંદિરોમાં રામજન્મોત્સવ નિમિત્તે હવન, યજ્ઞ કરવામાં આવ્યા હતા. શહેરની ગજાનન સેવા સમિતિ દ્વારા રામજન્મોત્સવની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. સમિતિએ નિરાધાર મહિલાઓને ખાદ્ય સામગ્રી આપી રામનવમીની ઉજવણી કરી હતી.

પાટનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા કાંઈક હટકે સેવાકીય કાર્ય કરવામાં આવે છે. સમિતિ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં રહેતી નિરાધાર અને વિધવા મહિલાઓને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે.

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા, ભાટાઈ અને શિયાવાડા ગામમાં રહેતી વૃધ્ધ બહેનો અને વિધવાઓને ત્રણ ત્રણ કિલોગ્રામ ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા યાદી તૈયાર કાયેલ ૧૧૫ બહેનોને સહાય આપવામાં આવી હતી. સેવાકીય કાર્યમાં ડૉ. અતુલભાઈ, મિલિંદભાઈ, દિનેશભાઈ જોડાયા હતા.

## પાલડીમાં આનંદનો ગરબો

ભાવનાબેન ગોકલાણીના મધુરકંઠે આનંદનો ગરબો તા. ૩૧ માર્ચ મંગળવાર બપોરે ૩ થી ૬ કલાકે વિશ્વ હિન્દુ પરિષદ પાલડી અમદાવાદ ખાતે યોજાશે. મોટી સંખ્યામાં ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## રાયસણ સ્થિત બોરકુવા પરથી કેબલવાયરની ચોરી

### ૬૦ ફુટ લાંબો કેબલ કાપીને કેબલચોરો બઠ્ઠાવી ગયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં બોરકુવાઓ પરથી કેબલચોરીના બનાવો માંડ શાંત પડયા હતા ત્યારે કેબલ ચોરો પુન: સક્રીય થઈ જવા પામ્યા છે. રાયસણ ગામની સીમમાં સ્થિત એક બોરકુવા પરથી કોઈ શખ્સો ૬૦ ફૂટ જેટલો કેબલ વાયર ચોરીને ભાગી ગયા હતાં. બોરકુવાના માલિકની ફરીયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

રાયસણ ખાતે રહેતા ધીરેન્દ્રકુમાર કાંતીલાલ પટેલના બોરકુવા પર ૨૫ માર્ચે રાત્રે એક વાગ્યાથી ૨૭ માર્ચના સવારે સાત વાગ્યા સુધી કોઈ હતું નહીં તે સમયગાળા દરમિયાન તેમના બોરકુવા પર કેબલચોરોએ હાથફેરો કરી નાંખ્યો છે. ધિરેન્દ્રકુમાર પટેલના બોરકુવા પર જઈને ત્યાંથી ૧૬ એમ.એમ.નો ૫૫ થી ૬૦ ફુટ જેટલો લાંબો કેબલ વાયર કોઈ કેબલ ચોરો આવીને કાપી લઈ ગયા હતાં. રૂ. ૨૫૦૦ની કિંમતના કેબલ વાયરની ચોરી અંગે બોરકુવા માલિકે ઈન્ફોસીટી પોલીસ મથકમાં જાણ કરતાં એએસઆઈ બળવંતસિંહે કેબલ ચોરીનો ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે. નોંધનીય બાબત છે કે કેબલ ચોરોની ટોળકી થોડા સમયથી માંડ શાંત બેસી હતી તે ફરી સક્રીય થઈ જવા પામી છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૬
સૂર્યાસ્ત : ૬.૫૫

### તાપમાન

મહત્તમ : ૩૫.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૩૧ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

સ્ક્રીન-૨ :

ડ્રેગન બ્લેડ (ઇંગ્લીશ) ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૦.૦૦

અગ્નિ પરીક્ષા : ૯.૦૦

સ્ક્રીન-૩ :

ડ્રેગન બ્લેડ (ઇંગ્લીશ) : ૨.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

એન. એચ-૧૦ : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

સ્ક્રીન-૪ :

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦

હંટર : ૬.૦૦

### આપની આજ

**મેષ** : વિવાદોથી બચવું. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થઈ શકે છે. વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન. અને યાત્રાના સંભાવના. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થઈ શકે છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

**કર્ક** : કૌટુંબિક સમસ્યાઓ કુશળતાથી નીપટાવવી. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપારમાં પ્રગતિ થશે.

**સિંહ** : પદ, પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કન્યા** : ભાગીદારીથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : શિક્ષા સંબંધિ ઉપલબ્ધિદાયક યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**મકર** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ.

**કુંભ** : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : નવા આર્થિક સ્ત્રોતો પર કાર્યો થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. ભાલચંદ્ર ચીમનલાલ ત્રિવેદી, (ઉ.વ.૬૪) પ્લોટ નં. ૭૪૫/૧, સેકટર-૫બી, ગાંધીનગર
- સ્વ. મંજીબેન બાબુજી ઠાકોર (ઉ.વ.૪૫) મુ. રૂપાલ, તા.જી.ગાંધીનગર
- સ્વ. ધૂળીબેન અમરતજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ. ઉવારસદ, તા.જી. ગાંધીનગર